R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 19•ISSUE: 10 DATE: 07-03-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## ‘અચ્છે દિન‘ ના સપનાએ ચુંટણીમાં મતપેટીઓ છલકાનારાના સપના બજેટે રોળી નાંખ્યા

સહુ પ્રથમ વાર બહુમતીથી ચુંટાયેલ ભારતીય જનતા પાર્ટીની સરકારે સંસદમાં બજેટ રજુ કર્યું.દેશના મતદારોની આશા હતી કે ભાજપાની સરકાર મધ્યમવર્ગી અને સામાન્ય ગરીબો માટે ચમત્કાર કરશે.કારણકે આજ લોકોએ તેમની મતપેટીઓને છલકાવી દીધી હતી.પરંતુ નાણામંત્રી અરુણ જેટલીએ રજુ કરેલ બજેટમાં મધ્યમવર્ગી અને ગરીબ લોકોને લગતું કાંઈ હતું નહી. ઉચ્ચ વર્ગના અને ધનિક લોકોને સહાય કરતું આ બજેટ છે તેમ સહુને લાગ્યું હતું.

સામાન્ય લોકોને લગતી બાબતોમાં એવું કાંઈ ખાસ જણાયું નહોતું,મધ્યમવર્ગીઓને આશા હતી કે ઈન્કમટેક્ષની મર્યાદા વધારીને ત્રણ લાખ કે તેથી થોડી વધારે કરાશે પરંતુ એ આશા ઠગારી નીવડી હતી.સરકારે રેલ્વે બજેટમાં નુર ભાડામાં વધારો કરીને ચીજવસ્તુઓના ભાવો આમેય મોધા કરી નાંખ્યા હતા.હવે મોઘવારી ઘટવાના બદલે વધવાની છે તેમાં લેશમાત્ર શક નથી.પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં પણ સરકારે એકસાઈઝ વધારી દીધી હતી અને હવે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રુડના ભાવો વધ્યા છે તેનુ કારણ ધરીને વધારો કરીને મોઘવારીને વધુ મોધી કરી નાંખી હતી.હવે ગરીબ અને મધ્યમવર્ગને ગાલ ચોળીને લાલ રાખવા તેવું ગણિત દેખાઈ રહ્યુ છે.અચ્છે દિન માટેનું સામાન્ય ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે એક સ્વપ્ન બની ગયું.લોકસભાની ચુંટણીઓમાં જે રીતે ભાજપના નેતાઓએ લોકોને અપેક્ષાઓ દેખાડી હતી તે મુજબ તેઓએ તેમની આશાઓ તોડી પાડી હતી તેવું લોકોના મુખે ચર્ચાઈ રહ્યું હતુ.

ભાજપ,તેના સહયોગી અને ઊદ્યોગ જગતના કેટલાક લોકો, તેમજ સતત સરકારની હાં ભરતું મીડીયા બજેટને વખાણતું હતું પરંતુ અંદરખાને તેમને પણ કેવી રીતે વખાણવું તેની સમજ પડતી નહોતી.

## પ્રતિબંધ છતાં બીબીસીએ નિર્ભયા ડોક્યુમેન્ટરીનું પ્રસારણ કરી દીધું

નિર્ભયા ગેગરેપની ઘટનાની ડોક્યુમેન્ટરીનું વિદેશી સમાચાર સંસ્થા બીબીસીએ બ્રિટનમાં પ્રસારણ કરી દીધું હતું.ભારત સરકારે તેના પર પ્રતિબંધ મુક્યો હતો. જો કે આ પ્રતિબંધ પ્રસારણ થઈ જવાને કારણે નિરર્થક બન્યો હતો.બીબીસીએ ૧૬ડિસેમ્પબર ૨૦૧૨ના રોજ દિલ્હીમાં નિર્ભયા પર ગેગરેપની ઘટના બની હતી.ગેંગરેપના ગુનેગારોનો જેલમાં ઈન્ટરવ્યું લેવાયેલ દર્શાવાયો હતો.જો કે બીબીસીએ ભારતમાં તેનુ પ્રસારણ નહીં થાય તેવી ખાત્રી આપી હતી.પરંતુ આ ડોક્યુમેન્ટરી યુ ટ્યુબ મારફતે કરોડો દર્શકો સુધી પહોચી ગઈ હતી.લોકોએ આ ડોક્યુમેન્ટરીને ડાઉનલોડ પણ કરી દીધી હતી.

ગૃહમંત્રીના આખી રાત જાગરણ બાદ પણ તેઓ બીબીસીને પ્રસારણ નહીં કરવા રોકી શક્યા નહોતા.વિદેશ મંત્રાલયે પણ ઘણી જેહમત કરી હતી પરંતુ તે શક્ય બન્યું નહોતું.જો કે હવે આ પ્રસારણ બદલ બીબીસીને નોટીસ પાઠવવામાં આવી છે.પરંતુ બીબીસીના મતે તે સ્વતંત્ર સંસ્થા છે અને તે પ્રસારણ કરશે.તેમજ બ્રિટનમાં વાણી સ્વાતંત્રતાના હક્કો સામે આપણી કોઈ દલીલો ચાલતી નથી.ગૃહમંત્રાલય આ ફિલમ બનાવનાર સામે પગલાં લેવા વિચારી રહ્યું છે.પરંતુ હવે ઘોડા નાસી છુટયા બાદ તબેલાને તાળા મારવા જેવી કવાયત છે. જો ભાજપની રીત મુજબ તેમણે અગાઉની સરકાર પર દોષનો ટોપલો ઢોળવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ સુશીલકુમાર શિન્દેએ આ બાબતે રદિયો આપ્યો હતો.હવે જેલર કે કોઈ અધિકારીનો આ બાબતે સરકાર થયેલ ભુલ બદલ સજા કરશે અને પોતાની જવાબદારીમાં હાથ ધોઈ નાંખશે તેવું દેખાઈ રહ્યું છે.

## જમ્મુ કાશ્મીરની ચુંટણી પાકિસ્તાન-આતંકીઓને આભારી હતી તેવા મુક્તિના નિવેદનને વડાપ્રધાને વખોડ્યું



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જમ્મુ કાશ્મીરમાં શાંતિપુર્વક ચુંટણી થઈ તે માટે પાકિસ્તાન,હુરિર્યત અને ત્રાસવાદીઓને જશ આપતાં મુક્તિ મોહમંદ સઈદના નિવેદનને ફગાવી દીધું હતું અને જણાવ્યું હતું કે કોઈ ગમે તેમ નિવેદન કરે અને આપણે તેનો જવાબ આપતા રહીએ એવું નહી થાય.તેમણે કહ્યુ હતું કે આવા નિવેદનનું સમર્થન ન થઈ શકે.

તેમણે કહ્યું હતું કે લોકતંત્રમાં કોઈપણ ધમકી કામ આવતી નથી.તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમને ઘણી ધમકીઓનો સામનો કરવો પડ્યો હતો.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## લવ જેહાદને પ્રોત્સાહિત કરતાં ખાન ત્રિપુટી અભિનેતાઓની ફિલ્મનો બહિષ્કાર કરવા સાધ્વી પ્રાચીનો હિન્દુઓને અનુરોધ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદમાં એક નિવેદન કરીને તેમના નેતાઓને ઉશ્કેરણીજનક નિવેદનો ન કરવા માટે સલાહ આપી હતી.પરંતુ તેની કોઈ ખાસ અસર દેખાતી નથી.હાલમાં વિશ્વ હિંન્દુ પરિષદના સાધ્વી પ્રાચીએ એક વિવાદાસ્પદ નિવેદન કર્યું છે. સાધ્વીએ હિન્દુઓને બોલીવુડના ત્રણ ખાન અભિનેતાઓ, શાહરુખખાન,સલમાનખાન અને આમિરખાનની ફિલ્મોનો બહિષ્કાર કરવા અનુરોધ કર્યો છે.

દહેરાદુનમાં વિશ્વ હિંન્દુ પરિષદની બેઠકમાં સાધ્વી પ્રાચીએ દેશના હિન્દુઓને સલાહ આપતાં કહ્યું કે ‘ત્રણેય ખાન લવ જિહાદનો પ્રોત્સાહન આપે છે.આપણાં બાળકો તેમની પાસેથી યોગ્ય સંસ્કારો નથી શીખતા’સાધ્વીએ અપીલ કરી હતી કે હિન્દુઓ આ ત્રણેય અભિનેતાઓના પોસ્ટર્સ પોતાના ઘરની દિવાલો પરથી હટાવી દે.તેમજ તેને જાહેરમાં બાળી મુકે.તેમણે કહ્યુ હતું કે લવ જિહાદ આંતરધર્મ લગ્નનુ સ્વરુપ નથી પણ આ ગુનાહિત ઈરાદાઓ સાથે કોઈની આસ્થાને બળજબરીથી બદલવા સાથે સંકળાયેલો મામલો છે.હિન્દુ સંગઠન તેને સહન નહી કરે.

આ બાદ તેમણે કોગ્રેસ પક્ષના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીનો કોઈ ભારતીય યુવતી સાથે લગ્ન કરી ઘર વસાવી લેવાની વણમાંગી સલાહ આપી હતી.તેમણે ઉમેર્યું હતું કે તેમની માતા અને બહેનની વધતી ચિંતા એ છે કે તેઓ ક્યાં ખોવાઈ ગયા છે.રાહુલે પોતાનું ધ્યાન રાખવું જોઈએ,અને તેણે લગ્ન કરી લેવા જોઈએ અનો ઘર વસાવી લેવું જોઈએ.જો કે રાહુલ ગાંધીના લગ્નની ચિંતા કરીને સાધ્વીજીએ સોનિયા ગાંધીની ચિતા ઓછી કરી દીધી છે.હવે કમને પણ રાહુલને સાધુ-સાધ્વીઓના આદેશના કારણે કદાચ પરણવુ પણ પડે.

આ અગાઉ સાધ્વી પ્રાચીએ હિન્દુઓને વધુ બાળકો પેદા કરવાની અપીલ કરી હતી.તેમણે ત્યારે કહ્યું હતું કે હિન્દુઓની જનસંખ્યા સતત ઘટતી રહી છે અને અન્ય ધર્મો સાથે સંતુલન જાળવી રાખવા માટે હિન્દુઓએ વધુ બાળકો પેદા કરવા પડશે.જો કે ભારતીય જનતા પાટીએ આ નિવેદન સાથે તેમને કોઈ લેવા દેવા નથી એમ કહીને પોતાને અલગ કરી દીધા હતા.

જો કે નિવેદનબાજીમાં ભાજપના અન્ય સહયોગી અને તેના નેતાઓ નિત નવા નિવેદનો કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના વિકાસ મોડલના યજ્ઞમાં રોડા નાખી રહ્યા છે.સંસદમાં વડાપ્રધાનો આ બાબતો ખુબજ સ્પષ્ટતાપુર્વક જણાવ્યું છે જો કે તેમના પક્ષના લોકોને તે બરાબર રુચ્યુ નથી.જવાબદાર નેતાઓ પણ બેફામ નિવેદનો કરી રહ્યા છે. વડાપ્રધાન કેટલાકે મોઢે ગરણાં બાંધશે.પરંતુ તેમણે એકદમ સ્ટ્રીક રીતે આ લોકો માટે હુકમો છોડવા પડશે.વડાપ્રધાન તેમના હરીફો માટે ખુજબ કડકાઈભર્યુ વલણ દાખવે છે.તેથી તેમના સહયોગીઓએ આ બાબતને ધ્યાનમાં રાખવી પડશે.

સાધ્વી બાલિકા સરસ્વતીએ જણાવ્યું હતું કે હિંન્દુ યુવતીઓએ મુસ્લીમ યુવકો સાથે વાતચીત ન કરવી જોઈએ. મુસ્લીમ યુવાનો નજીક આવે કે યુવતીઓએ તેમના પર પથ્થર મારો કરવો જોઈએ.વાસ્તવિકતા એ છે કે મુસ્લીમો હિંદુ યુવતીઓને ફોસલવાને અને લગ્ન કરી તેમને ડીલવરી મશીન બનાવવા માંગે છે.

વિહપના નેતા પ્રવીણ તોગડીયાએ જણાવ્યુ હતુ કે અત્યારે દેશમાં જે વાતાવરણ છે તેને કાબુમાં લેવામાં નહી આવે તો થોડા સમયમાં આસામ,કેરળ અને પશ્ચિમ બંગાળમાંથી હિન્દુઓનું અસ્તિત્વ ભુંસાઈ જશે.આમ વિહપના નેતાઓએ વડાપ્રધાનની સલાહની અવગણના કરી હતી.અને કેટલાક વિવાદાસ્પદ નિવેદનો આપ્યા હતા.વાણી સ્વાતંત્રતાના નામે પણ આ લોકો વિવાદાસ્પદ નિવેદનો કરતાં રહેશે. તેમને રોકી શકાશે નહી.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ


આઝાદી બાદ સહુ પ્રથમ વાર જમ્મુ કાશ્મીરમાં ભારતીય જનતા પાર્ટીએ પીડીપી સાથે જોડાણ કરીને સંયુક્ત રીતે સરકાર રચવાના સપનાને સાકાર કર્યુ છે.જ્યાં સુધી સિધ્ધાન્તો અને નૈતિકતાના મુલ્યોને સબંધ છે ત્યાં સુધી આ રાજકીય સબંધ બાંધવો લગભગ અશક્ય હતો. પરંતુ ભાજપે સત્તા મેળવવા માટે બધા જ ઉપાયો આચરીને પીડીપીને મનાવીને સત્તામાં ભાગીદારી નોધાવી દીધી.ખેર, સત્તા માટે ભાજપે જે રીતે સમાધાન કર્યુ છે તે જોતાં તેને કોઈપણ કક્ષાએ ઉતરવામાં નાનમ લાગતી નથી એ સાબિત કરી દીધું છે.

પીડીપીના નેતા મુફ્તી મોહમંદ સઈદે જમ્મુ કાશ્મીરના ૧૨માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.જમ્મુના જોરાવર સ્ટેડીય ખાતે આયોજીત સમારોહમાં રાજ્યપાલ વોરાએ મુખ્યમંત્રી સહિત પીડીપીના ૧૨ અને ભાજપના ૧૨ મંત્રીઓને શપથ લેવડાવ્યા હતા.આ પ્રસંગે વડાપ્રધાન મોદી,ભાજપના અધ્યક્ષ અમિત શાહ,મહાસચિવ રામમાધવ,એલ.કે.અડવાણી,મુરલી મનોહર જોષી વિગેરે હાજર રહ્યા હતા.જમ્મુ કાશ્મીરમાં સહુ પ્રથમ વાર ભાજપ સરકારનો હિસ્સો બન્યો હતો.તેથી તેમના માટે ઐતિહાસિક દિવસ હતો.

ખેર,આ ગઠબંધન જમ્મુ કાશ્મીરમાં શાંતિનું વાતાવરણ પેદા કરી શકે અને લોકોને સુખ ચૈનનો અહેસાસ કરાવી શકે તો કાશ્મીરની જનતાનું ભલુ કર્યું લેખાશે.જો કે આ ગઠબંધન બેઉ પક્ષો માટે તકલીફો પેદા કરે તેનું દેખાઈ રહ્યં છે.કેટલો વખત ચાલી શકે છે તે તો આવનાર સમય જ બતાવશે.

આ ગઠબંધનની સરકાર સહુ પ્રથમ રાજ્યની સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરશે. રાજ્યમાં લાગુ થતાં તમામ વિશેષ કાયદાઓની જરુરીયાત પર પણ સમીક્ષા કરશે. જો કે આર્ટીકલ ૩૭૦ અંગેની તમામ બંધારણીય જોગવાઈઓ પર યથા સ્થિતિ જાળવી રખાશે.એલઓસી પર શાંતિ જળવાય માટે તેઓએ પ્રયત્ન કરવાના રહેશે.અલગતાવાદી પરિબળો આ ગઠબંધનને કેટલી શાંતિથી રાજ કરવા દે છે તે પણ જોવું પડશે.

## સરકારનો પ્રથમ ધર્મ મારો દેશ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોમવાદ અંગે સંસદમાં તેમણે ભારપુર્વક જણાવ્યું હતું કે તેમની સરકાર તમામ ધર્મની સમૃધ્ધિ માટે કામ કરે છે.તેમની સરકારનો પ્રથમ ધર્મ ઈન્ડીયા ફર્સ્ટ છે.આ સાથે તેમણે ખેડુતોના હિતમાં વિવાદાસ્પદ જમીન સંપાદન બીલમાં ફેરફાર કરવાની તૈયારી બતાવી હતી.

લોકસભામાં ૭૫ મીનીટના ભાષણમાં તેમણે કહ્યું હતું કે ધર્મ અંગે એલફેલ ટીપ્પણી ન થાય તે જોવાની વડાપ્રધાન તરીકે તેમની જવાબદારી છે.જો કે આ અંગે તેઓ સતત મૌન સેવી રહ્યા તેવી ટીપ્પણી અંગે તેમણે કહ્યું હતુ કે તેઓ તેમના મોઢા બંધ કરવાના હજારો રસ્તા છે.પરંતુ આવા નિવેદનો અંગે તેઓ ટીપ્પણી કરવામાં સમય બગાડવા માંગતા નથી.તેમણે કહ્યું હતું કે તેમની સરકારનો પ્રથમ ધર્મ પોતાનો દેશ છે.પ્રથમ ધર્મગ્રંથ 'બંધારણ' છે.પ્રથમ ભક્તિ દેશભક્તિ છે.સંસદમાં વડાપ્રધાને કરેલી ચોખવટને કારણે તેમના સહયોગીઓને તેમણે તેમની સરકારનો મેસેજ આપી દીધો છે.ભાજપ સત્તા પર આવ્યા બાદ કેટલાક તત્વો વધારે પડતી ઉછળકુદ કરતા હતા તેમને તેમણે સ્પષ્ટતા કરી દીધી છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## ગ્રીનપીસ ઇન્ટરનેશનલના કાર્યકર પ્રિયા પિલ્લાઇને વિદેશ જવાની સરકારે પરવાનગી આપી નહી

ગ્રીન પીસ ફાઉન્ડેશનના કાર્યકર પ્રયા પિલ્લાઈને દિલ્હી વિમાની મથકેથી વિમાનમાં બેસવાની તૈયારીમાં હતા,ત્યાંથી તેમને ઉતારી મુકવામાં આવ્યા હતા અને તેમના પાસપોર્ટમાં તેમને ઉતારી મુક્યા હોવાનો સિક્કો મારવામાં આવ્યો હતો.પ્રિયા પિલ્લાઈ બ્રિટિસ સાંસદોની એક કમિટિ સમક્ષ ભારતમાં માનવહક્ક ભંગ વિશે રજુઆત કરવા જવાના હોવાથી આ પરવાનગી આપવામાં આવી નહોતી.જો કે જે રજુઆત કરવા તેઓ બ્રિટન જઈ રહ્યા હતા તે રજુઆત તેમણે સ્કાઈપી મારફતે પાછળથી કરી દીધી હતી.સરકારે પિલ્લાઈ સામે લુક આઉટ નોટીસ જારી કરી હતી.સામાન્ય રીતે આવી નોટીક કોઈ રીઢો ગુનેગાર દેશમાં ગંભીર ગુનો કરીને વિદેશ છટકી જવાની પેરવીમાં હોય ત્યારે જારી કરવામા ંઆવે છે.પિલ્લાઈ આવી નોટીસ સામે તથા પોતાના વિદેશ પ્રવાસ કરવાના અધિકાર,વાણી સ્વાતંત્રતા અને પોતાના વ્યવયાયના અધિકારને આગળ ધરીને દિલ્હી હાઈકોર્ટમાં ન્યાય મેળવવા અરજી કરી છે.સરકાર તરફથી કોર્ટમાં એવી રજુઆત થઈ છે કે પ્રીયા પિલ્લાઈ સરકારને એવું લેખિતમાં આપે કે તેઓ વિદેશમાં જઈને ભારતમાં માનવ હક્કોનો ભંગ થઈ રહ્યો છે તે વિશે કોઈ રજુઆત બ્રિટિસ સાંસદો સમક્ષ ના કરે તો તેમને પરવાનગી અપાશે.સરકારની એવી રજુઆત છે કે એજીઓના કાર્યકરો વિદેશમાં જઈને ભારત વિરુધ્ધ રજુઆતો કરે છે તેથી કેટલાક એવા સ્થાપિત હિતો છે જેઓ ભારતનો વિકાસ ઈચ્છતા નથી તેઓ આવી રજુઆતોનો સહારો લઈને જાત જાતના પ્રતિબંધો ભારત પર લદાવી શકે છે.

પ્રિયા પિલ્લાઈના કેસમાં સરકારે સામે ચાલીને ભારતમાં માનવ હક્કોનો ભંગ થાય છે તેમજ વાણી સ્વાતંત્રતાનું હનન થાય છે તેવા આક્ષેપોને સમર્થન આપી દીધુ છે.આ ઉપરાંત સરકારી અધિકારીઓ એ કોર્ટમાં જે રજુઆતો કરી છે તે તો લોકશાહી દેશને લાંછન લગાડે તેવી છે. કોઈપણ સરમુખ્યતારદેશ હોયત્યાં આવી રીતો બનતી હોય છે.

તાજેતરમાં જ ભારતમાં બાળ હક્કો માટે કામ કરતાં કેલાસ સર્તાર્થીને નોબલ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.તેઓ આ ક્ષેત્રમાં જ સક્રિય છે.ભારતમાં બાળકોના અધિકારોની દષ્ટ્રિએ બહુ આદર્શ પરિસ્થિતિ નથી.

મધ્યપ્રદેશના સિગરોલી ખાતેના મહાન ગામ આસપાસના કોલ બ્લોક્સ ખાનગી કંપનીઓને ખાણકામ માટે આપવા સામે સ્થાનિક ગ્રામજનોના મંડળો વિરોધ કરી રહ્યા છે.ગ્રીનપીસ ઈન્ટરનેશનલ એનજીઓ સાથે આ સ્થાનિક મંડળો કાર્ય કરે છે.સરકાર જે કંપની કે કોલ બ્લોક્સ આપવાની છે તે કંપની બ્રિટનમાં નોધાયેલ કંપની છે.આથી આ મુદ્દે પિલ્લાઈ બ્રિટશ સાસદો સમક્ષ રજુઆત કરવા માંગતા હતા.અહીયા આ કોલ બ્લોક્સની ફાળવણીથી સ્થાનિક લોકોના પોતાના સ્ત્રોત્રો અંગેના નિર્ણયો લેવાના માનવ અધિકારનો ભંગ થાય છે.પરંતુ આ બાબતે સરકારની ભુમિકા બહુ હાસ્યાસ્પદ રહી છે.સરકાર દમન કરીને લોકશાહીનો આદર ગુમાવી રહી છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


## ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતિના અધ્યક્ષપદે ફરી એક વાર ભરતસિંહ સોલંકી પુનઃ નિયુક્ત

ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે અર્જુન મોઢવાડીયાના રાજીનામાનો બે વર્ષે સ્વીકાર કર્યો બાદ કોગ્રેસ હાઈ કમાન્ડે ભરતસિંહ સોલંકીની પુનઃનિયુક્તિનો નિર્ણય કર્યો છે.કોગ્રેસ હાઈકમાન્ડની બે વર્ષની અનિર્ણાયકતાનો અંત આવ્યો છે.ભરતસિંહ સોલંકી ૦૦૬ થી ૨૦૦૮ સુધી પ્રદેશ પ્રમુખ તરીકે ફરજ બજાવી ચુક્યા છે.લોકસભાની ચુંટણીઓ પહેલાં ભરતસિંહ સોલંકી તથા સિધ્ધાર્થ પટેલને પ્રદેશ પ્રમુખ બનાવવાની અટકળો હતી.પરંતુ ત્યારે યેનકેન પ્રકારે હાઈકમાન્ડે આ બાબતને મુલતવી રાખી હતી.

ઓગષ્ટ ૨૦૧૩માં રાહુલ ગાંધી ગુજરાતમાં બે દિવસ રોકાઈને કાર્યકરોને મળ્યા હતા.કાર્યકરોએ પોતાની આપવીતી રજુ પણ કરી હતી.પરંતુ ત્યારે પણ કાર્યકરોની આશા ફળી નહોતી.આખરે કોગ્રેસ હાઈ કમાન્ડે ભરતસિંહ સોલંકીને પ્રદેશ પ્રમુખ તરીકેની જવાબદારી સોપવાનો નિર્ણય કર્યો હતો.ગુજરાતમાં ૨૬ સાંસદો પૈકી એકપણ સીટ કોગ્રેસને મળી નહોતી.તેથી હવે પ્રદેશ પ્રમુખ તરીકે ભરતસિંહને આખા રાજ્યમાં નવેસરથી કામગીરી કરીને પક્ષને મજબુતાઈ તરફ દોરી જવાનું કાર્ય કરવાનું છે.પક્ષને નવેસરથી બેઠો કરવા ભગીરથ પ્રયત્નોમાં તે કેવા સફળ થાય છે તે આવનાર સમયમાં જાણવા મળશે.


## ગરવી નવક્રાન્તિ સાપ્તાહિકની માલિકી અને તે અંગેની વિગત

**માહિતી : ફોર્મ નં.૪(જુઓ,રૂલ નં.૮)**

| | |
|---|---|
| ૧.પ્રકાશન સ્થળ | :૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭ |
| ૨.પ્રકાશનની સામાયિકતા | : સાપ્તાહિક |
| ૩.માલિક,મુદ્રક,પ્રકાશક | : રોબિન જે. ધોળકીયા |
| નાગરીકતા | : ભારતીય |
| સરનામુ | : ૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭ |
| ૪.તંત્રીનુ નામ | : પ્રશાંત આર.ધોળકીયા |
| નાગરીકતા | : ભારતીય |
| સરનામુ | : ૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭ |

હું રોબિન જે. ધોળકીયા, આથી જાહેર કરુ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ મુજબ અને માન્યતા મુજબ સાચી અને ખરી છે.

તા.૭-૩-૨૦૧૫ રોબિન જે.ધોળકીયા
સ્થળ:અમદાવાદ. માલિક,મુદ્રક,પ્રકાશક અને તંત્રી.

# માણસાઇ મરવા પડી છે પણ લોકો ધર્મની ચર્ચા લઇને બેઠા છે



મધર ટેરેસાએ કહ્યું હતું કે “લોકોને તોલવા બેસશો તો ચાહવાનો સમય નહીં રહે.” એક ચુસ્ત હિંદુ માણસે મરતી વખતે અંતિમઈચ્છા જાહેર કરી કે એને ખ્રિસ્તી બનવું છે.જલ્દીથી પાદરીને બોલાવવામા આવે ! પત્નીએ પુછ્યું. ‘આખી જીંદગી તમે હિંદુ તરીકે જીવ્યા છો તો મરતી વખતે ધર્મ શા માટે બદલવો છે ?’ પેલાએ કહ્યું ‘આપણામાંનો એકપણ ઓછો થાય એના કરતાં એ લોકોનો એક મરે તો આપણી સંખ્યા વધી જાય ને /’

માણસ પણ સાલુ કમાલનું પ્રાણી છે.મરતી વખતે પણ સાચુકલા ઈશ્વરને યાદ કરવાને બદલે ધર્મને યાદ કરે છે. હવે આ કિસ્સાથી બિલકુલ ઉંધો કિસ્સો છે. એક વરસાદી રાત્રે બુઢ્ઢા એન્થોની ગોન્સાલિયસને સમજાઈ ગયું કે એના જીવનનો અંત નજીક છે.ઘરની બહાર આંધી તોફાન-વીજળીનું વાતાવરણ હતું.એવામાં એન્થોનીએ ફેમીલીવાળાઓને કહ્યુ “જુઓ મારો અંત આવી ગયો છે.પ્રાર્થના કરવા માટે જલદી કોઈ પંડિતને બોલાવો.”ઘરનાઓએ ચોંકીને કહ્યું યુ મીન પાદરીને બોલાવીએ ?તમે તો આખી જીંદગી ચર્ચની સેવા કરી છે. અચાનક શા માટે પંડિતને બોલાવો છો. તો બુઢ્ઢા એન્થોનીએ હસીને કહ્યું કે “પાદરી નહીં, પણ પંડિતનેજ બોલાવો. આટલા વરસાદમાં બિચારા આપણા પાદરીને ક્યાં હેરાન કરીએ “જેમ એક સમાન દેખાતા મનુષ્યોના ધર્મ અલગ-અલગ છે. એમ એક જ જોકના સ્વરુપો પણ અલગ અલગ છે. દરેક પંથ કે જાતવાળાઓ બીજાને નીચા દેખાડવા ટુચકા બનાવ્યા જ કરે છે.કારણ કે કટ્ટર સંઘ જેવા ધર્માંધતાવાળા પોતેજ ખરેખર એક ક્રુર જોક છે.

રાત્રીએ હાઈવે પર એક માણસ ટ્રક નીચે કચડાઈને મરવા પડ્યો હતો. ગામના લોકો દોડી આવ્યા, જેમાં એક પાદરી હતો. એણે પુછ્યું. માય ડીયર, તું ફાધર, સન અને હોલી સ્પીરીટમાં માને છે? કેથલીક છે કે પ્રોટેસ્ટંટ, ધાયલ કંઈ બોલવા જાય એ પહેલાં ટોળામાંથી એક બ્રાહ્મણે પુછયુ તુ વૈષ્ણવ છો કે શૈવ કે શક્તસવર્ણ છો કે દલિત? પેલો ધાયલ બરાડ્યો સાલાઓ હું અહી મરવા પડ્યો છું અને તમે ઉખાણાં પુછીને કેબીસીની ગેમ રમો છો ? પહેલાં એમ્બ્યુલન્સ બોલાવો. ખરેખર તો એ ગામ કોઈ ગામ નથી. પણ ભારત નામનું મહા ગામડું છે. જ્યાં માણસાઈ મરવા પડી છે.પણ લોકો ધર્મની ચર્ચા લઈને બેઠા છે. તમને થશે કે આટલાં બધા જોક કેમ ટાંકુ છું પણ એનું કારણ એ છે કે હમણાં એક જોક સાંભળ્યો છે. “લોહા લોહે કો કાટતા હૈ”?ની જેમ ભદ્દા જોકને બીજા ઘટિયા જોકથી જ ખતમ કરાયને ?તમે કહેશો કે એવો તે ક્યો જોક છે જે અમને અકળાવે છે. એ છે આર.એસ.એસના પ્રમુખ મોહન ભાગવતે નોબેલ ઈનામ વિજેતા સેવામુર્તિ-ભારત રત્ન મધર ટેરેસાને માત્ર ખ્રિસ્તીઓની સેવા કરનારી અને લોકોને ખ્રિસ્તી ધર્મમાં વટલાવનારી વ્યક્તિ કહી છે.

આમ તો આ સાંભળીને ગુસ્સો આવવો જોઈએ પણ અમને હસવું આવે છે. રક્ત પિત્તને લીધે લોહી પરુમાં લથપથ રિબાતાં ગરીબ લોકોની સારવાર કરનાર મધર ટેરેસા પર કોઈ કોમેન્ટ કરે તો બીજુ શુ થાય ? લાચારીથી હસવું જ પડેને ?ઈસુ ખ્રિસ્તે, વધસ્તંભ પર કહેલું એમ કહેવાનું મન થાય છે કે મધર ટેરેસા, અમને માફ કરો કે અમે આવા સમયમં જીવી રહ્યા છે જ્યા આવી વાતો અમારે સાંભળવી પડે છે. એમ તો નહી કહીએ કે તમે એ બધાને માફ કરો. એલોકો જાણતા નથી કે તેઓ શું કહી રહ્યા છે.કારણ એ લોકો જાણે છે કે એ શું કહી રહ્યા છે અને શું કામ કહી રહ્યા છે.

મધર ટેરેસાના અંતેવાસી અને ૫૦ વર્ષથી સેવા કરનારી એક સેવિકાને જ્યારે પુછવામાં આવ્યું કે મોહન ભાગવતની આવી કોમેન્ટ સાંભળીને તમને કેવું થાય છ તો એમણે કહ્યું “કંઈ જ નહીં. કારણકે જો આજે મધર ટેરેસા હયાત હોત તો એમણે પણ કશું જ ના કહ્યું હોત.” એક રવિવારે ચર્ચમાં પાદરી પ્રવચન આપી રહ્યા હતા.અને એક વૃધ્ધ નસકોરા બોલાવતો હતો.પાદરીએ એ વૃધ્ધની બાજુમાં બેઠેલા બાળકને પુછયું “આ કોણ છે”. બાળકે કહ્યું “મારા દાદા છે.”

પાદરીએ પ્રવચન પછી છોકરાને પાંચ રુપીયા આપીને કહ્યું કે હવેથી એ ચર્ચમાં ઉંઘે નહી એનું ધ્યાન રાખજે. બે ત્રણ રવિવાર સુધી તો પેલો વૃધ્ધ ઊધ્યો નહીં પણ પછીથી ફરીથી ઉંઘવા લાગ્યો.પાદરીએ પેલા બાળકનો બોલાવીને ધમકાવ્યો,”મે કહેલું કે કે ઉંઘવા નહી દે તો પાંચ રુ. પણ આપું છું.” હા પણ દાદાજી મને દસ રુપીયા આપે છે. બાળકે નિર્દોષતાથી જવાબ આપ્યો.

ધર્મપરિવર્તન પણ આવં જ છે.જો તમે સમાજના બધા લોકોને નહીં સાચવો તો બીજો ધર્મ કોઈપણ રીતે એમને જીતી લેશ. ઘણી જગ્યાએ પૈસા કે ચમત્કારો દેખાડીને વટાળપ્રવૃત્તિઓ થતી હશે પણ મધર ટેરેસાએ તો આપણા દલિત,વંચિત-નિરાધાર લોકોને પ્રેમથી સેવાથી, આદરથી જીતી લીધેલ. બાબરી ધ્વંશ પછી કોલકતામાં દંગા થયા ત્યારે મધર ટેરેસાએ અસંખ્ય લોકોને આશરો આપેલો.ઉપચાર કરેલા અને ત્યારે એમણે પુછ્યું નહોતુ કે પીડીત માણસ હિદુ છે કે મુસ્લીમ કે પછી ખ્રિસ્તી. એ સૌના મધર હતા. અને માત્ર કન્વર્ટ કરવા માટે જ આટલા દેશોમાં આટલું બધું કામ કર્યું હોય એ શક્ય નથી. ભાગવત અને એમના સાથીઓ વારંવાર કહેતા હોય છે કે હિંદુ સ્ત્રીએ ચાર સંતાનો પેદા કરવા જોઈએ,પણ મધર ટેરેસાને તો ચાર નહી પણ હજારો લાખો સંતાનો હતા. જે ભારતીય “યા દેવી સર્વ ભુતેષું “ શ્લોકને સમજે છે એના માટે મધર ટેરેસા એક દેવી જ છે. કારણ કે એમણે કટ્ટરતા ફેલાવવા ભાષણો નહોતા આપ્યાં પણ દરેક ધર્મ જાતિના દરિદ્રનારાયણની સેવા કરી હતી.

આપણો સમાજ દલિતોને આજે પણ હડધુત કરે છે તો હિંદુ ધર્મના કહેવાતા રક્ષકોએ ત્યાં ધ્યાન રાખવું જોઈએ. મધર ટેરેસા જેવા સેવાભાવી લોકની વગોવણીથી કંઈજ નહીં વળે. એકવાર ભાગવત કથામાં બાળકે ભેકડો તાણ્યો. બાળકની માં એને લઈને ચાલવા લાગી. કથાકારે કહ્યું બહેન ઉભી રહે, બાળક ભલે રડે, હું ડિસ્ટર્બ નહી થાઉં, માંએ કહ્યું પણ બાળક ડિસ્ટર્બ થાયે છે તમારે લીધે એનું શું.?

એ ભાગવત કથામાં એક બાળક ડિસ્ટર્બ થયેલું અને આજે આ મોહન ભાગવતના કથનથી આખો દેશ ડિસ્ટર્બ થયો છે.દેશના જાણીતા ફોટોગ્રાફર રઘુ રાયને કોઈએ પુછ્યુ કે તમારુ સૌથી ઈન્ટરેસ્ટીંગ કામ ક્યું ? તો રધુ રાયે ક્હ્યું, મધર ટેરેસાની તસવીરો. મધર સ્થિર બેસીને પોઝ આપવા તૈયાર નહોતા.મે એમની સેવા પ્રવૃતિ દરમિયાન જ ફોટા લેવાનું નક્કી કર્યું. પણ એમને દર્દીઓની સેવા કરતાં જોયા ત્યારે મધરના ચહેરા પરની પવિત્રતા નિરખીને ઘડીભર ફોટા પાડવાનું ભુલી ગયો. ફોટા પાડ્યા તો ફોકસ કરવાનું ચુકી ગયો. સતત એમ થયા કર્યું કે કેમેરાની સ્વીચ દબાવીશ તો એ ડિસ્ટર્બ નહી થાય ને ? સોરી મધર તમે જ્યા હો ત્યા ડિસ્ટર્બ નહી થતા.

(લેખક : સંજય છેલ. સૌ.ન.ગુ સમય)

# લઘુમતી સમાજના વિકાસ માટે રાજ્યે કેન્દ્ર સહિતની ગ્રાંટો પુરતી વાપરી નથી

રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને તેમનો પ્રચાર સૌનો સાથ- સૌનો વિકાસ છે.પરંતુ તે પ્રમાણે તેઓ લઘુમતી સમાજને મદદ કરતાં નથી. છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે લઘુમતીઓના વિકાસ માટે રુ.૨૪૮ કરોડ ૧ લાખ ફાળવ્યા છે. પણ તેમાંથી માત્ર ૧૫૭કરોડ અને ૧૧ લાખ વપરાયા `.ગુજરાતમાં ૧૦ ટકા વસતિ ધરાવતા આ સમાજને પહેલેથી ઓછું બજેટ ફળવાય છે.અને ફળવાય છે તે લાભાર્થી સુધી પહોચતું નથી.સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરો વિધાનસભામાં લઘુમતી સમાજના બાળકોના કલ્યાણ માટે ખર્ચવામાં આવતી રકમો બાબતે જવાબ આપતાં જણાવ્યું હતું.સરકારનો આ વિભાગ સામાજિક પછાત, વિકલાંગ, ત્યકતા, વૃધ્ધો સહિત લઘુમતી સમાજના સર્વાંગી વિકાસ ાટે પણ કાર્યરત છે.લઘુમતી સમાજની મહિલા અને બાળકો માટે મોટાપાયે કુટીર ઊદ્યોગ, સિવણ, વિધ્યાભ્યાસ માટે શિષ્યવૃતિ, પાઠ્યપુસ્તક, કોચીંગ સહિતના ઉત્થાન માટે કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓથી સહાય આપવામાં આવે છે.રાજ્યની પોતના પણ યોજનાઓ છે.પરંતુ જે રીતે તેનો વ્યાપ થવો જોઈએ તે રીતે થયો નથી. આમ ગુજરાત સરકાર તરફથી મંત્રીશ્રીએ જે જવાબો રજુ કર્યા હતા તે પ્રમાણે સરકાર લઘુમતીઓના માટે ફાળવેલ રકમનો બરાબર અને પુરતો ઉપયોગ કરી શકી નથી.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

ગીડીયોન પોલ પરમાર

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૬૯૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# સૌને પ્રભાવિત કરવાના ઊધામાઓથી બચીએ

સૌનું ધ્યાન પોતાના તરફ આકર્ષાય એવી ધખણા સેવતો માણસ કેટલીક વાર પોતાને હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકી દેતો હોય છે.બીજો પ્રભાવિત કરવાની ઈચ્છા દરેકને હોય છે. પરંતુ આવી ઈચ્છા હઠ બહાર વકરે ત્યારે મનોવિકૃત્તિનું સ્વરુપ ધારણ કરે છે.અધુરો ઘડો છલકાય, એ કહેવતને ચરિતાર્થ થતી જોવી હોય તો જાહેર સમારંભોમાં બીજાને પ્રભાવિત કરવા ઉધામા આચરતા માણસોની આજુબાજુ ગોઠવાઈ જવું.ટોળાને પ્રભાવિત કરવાની ઈચ્છા ધરાવતા માણસોની ઓળખ મેળવી લઈએ : જાહેર સ્થળો પર પોતાના ભવ્ય પોષાકથી બધાને આંજી દેવાની પેરવીમાં રહેતા માણસો તમે જોયા હશે.શરીરને ઢાંકવાને બદલે ખુલ્લુ કરે એવા વસ્ત્રો ધારણ કરનાર માણસ બધાનું ધ્યાન ખેચવામાં સફળ થાય છે. ઊંચા અવાજે છટાદાર ભાષણ ઠોકતો માણસ પોતાની આજુબાજુ દસ પંદર માણસોનું ટોળું એકત્ર કરીને ઊભો હોય તો સમજી લેવું કે મહાશય બધાને પ્રભાવિત કરવાની વેતરણમાં છે.એક લગ્ન સમારંભમાં ટોળું ભેગું કરીને સૌને પોતાના પરાક્રમો સંભળાવતા શુરવીરને કન્યાના પતાએ બે હાથ જોડીને કહેવુ પડેલું , સર, આપ ગયા અઠવાડિયે પ્રેસિડેન્ટ બરાક ઓબામા સાથે વાઈટ હાઉસમાં ડિનર લઈ આવ્યા એ માટે અભિનંદન.પરંતુ તમે આ બધી વાતો બહાર જઈને કરો તો સારુ. તમને સાંભળવામાં ગોર મહારાજ લગ્ન વિધિ તરફ ધ્યાન આપી શકતા નથી. ટ્રેનમાં, બસમાં, રેલ્વે પ્લેટફોર્મ પર, સ્મશાનમાં અને બેસણાંમાં સર્વત્ર બીજાને પ્રભાવિત કરવાની ઈચ્છા ધરાવતા એકાદ બે શુરવીરો તમને જરુર થી ભટકાશે.એક વાર અમે પબ્લીક ગાર્ડનમાં ઈવનિંગ વોક માટે ગયા હતા. એ સમાજ સેવક જેવો દેખાતો પ્રોઢ વયનો માણસ મોટા થેલામાં પાંચ રુપીયાના બિસ્કિટના પેકેટ લઈને ત્યાં આવી પહોચ્યો.એમની સાથે એક ફોટોગ્રાફર પણ હતો. ગાર્ડનમાં એમણે ફરતા બાળ ભિખારીઓને એકત્ર કરીને બિસ્કીટ વહેચવાનું શરુ કર્યું. સમાજ સેવક પંદર વિસ પેકેટ વહેચ્યા. ફોટોગ્રાફરે ફોટા ખેચી લીધા, અને ખેલ પુરો થયો.પત્નીએ મને પુછ્યું : આ બધું શું હતું ! મે સમજાવ્યું :આ વિશિષ્ઠ પ્રકારની સમાજસેવા છે. સમાજસેવકે ગરીબ બાળકોને બિસ્કીટ વહેચ્યા તેનો ફોટો આવતી કાલે અખબારમાં છપાશે. એમણે માત્ર બિસ્કીટ વહેચ્યા છે. પરંતુ બિસ્કીટ અર્પણ કાર્યક્રમના ફોટા નીચે લખાયું હશેઃ ગરીબ બાળકોને બિસ્કીટ અને શુધ્ધ ઘીની સુખડી વહેચવામાં આવ્યા હતા.આપણે બાળ ભિખારીઓના ફોટા જોઈને હરખાવવાનું.કોઈ પણ માણસ બીજાને પ્રભાવિત કરવા આવા ખેલો પાડવાની જરુર કેમ પડે છે ? પોતાના તરફ બધાનું ધ્યાન આર્કષિત કરવાથી શો ફાયદો ? યુવામિત્રો સાથે વ્યક્તિત્વ વિકાસના સિધ્ધાંતો ચર્ચતી વખતે બધાને પ્રભાવિત કરવાના માર્ગો અંગે પણ વાતો થાય છે.બધા પર છવાઈ જવાની ઈચ્છા સહજવૃત્તિઓનો જ એક ભાગ છે. પરંતુ જ્યારે એ ઈચ્છાનો અતિરેક થાય ત્યારે એ સહજવૃત્તિ મટીને મનોવિકૃત્તિ બની જાય છે. એક ચિંતકે કહ્યું છે : આપણે બીજાને પ્રભાવિત કરવાનું છોડી દઈએ અને માત્ર પોતાને જ પ્રભાવિત કરી શકીએ તોય એ પુરતું છે.કોઈના લગ્ન પછી યોજાયેલા સન્માન સમારંભમાં ગયેલા માણસ દસ પંદર માણસોનું ટોળું ભેગુ કરીને ભાષણ ઠોકવાની ચેષ્ઠા શા માટે કરે ? સૌના ધ્યાનનું કેન્દ્ર તો વર-કન્યા હોવા જોઈએને, તેઓ વચ્ચે ક્યાંથી ટપકી પડ્યા ? કિંમતી વસ્ત્રો અને ઘરેણા પહેરીને અન્ય સૌને પ્રભાવિત કરવાની ઈચ્છાને અનિષ્ઠ ન ગણીએ તો ચાલે કારણ કે એવું કરનારા બીજાને તકલીફ પહોચાડવા વગર ચુપચાપ પોતાની જાહેરાત કરતા હોય છે.જો કે શરીર પર શોભાયમાન પાંચ લાખ રુપીયાના સુટથી કે બે લાખ રુપીયાની સાડીથી પ્રભાવિત થનાર મુર્ખ માણસો કેટલા ?કાંડા પર બંધાયેલી ઘડિયાળ, પ્રાગણમાં પાર્ક થયેલ એંસી લાખની કાર કે ગળામાં લટકતો અમુલ્ય(વર્થલેસ)નેકલેસ કેટલા માણસોને પ્રભાવિત કરી શકે ?છતાં બધાને પ્રભાવિત કરવા અખત્યાર થતા આ ઉધામાઓ નિર્દોષ સ્વરુપના છે અને તેથી ક્ષમાને પાત્ર ગણાય.પરંતુ ગાંધી,કૃષ્ણ કે મહાવીર જયંતીના ઉપલક્ષમાં યોજાયેલ વ્યાખ્યાન કાર્યક્રમમાં વ્યાખ્યાન શરુ થાય તે પુર્વે પોતાનો પ્રભાવ પાથરવા કોઈ પરાક્રમી પુરુષ એવું બોલતા સંભળાય કે બોસ, મારી દારુની બોટલ પાંચ હજારની થાય છે.તમે મહિને દસ હજારમાં ઘર ચલાવવાની વાત કરો છો ? સદાચાર અને સંયમની વાતો એકવીસમી સદીમાં બકવાસ છે.... જિંદગી જલસા કરવા માટે છે બોસ .તો શું સમજવાનું ? આપણે નમ્રતાથી ધીમા અવાજે એમને એટલું જરુર પુછી શકીએ : તમે આ વ્યાખ્યાનમાળામાં કઈ રીતે ભુલા પડ્યા, બોસ. સાચું પુછો તો બીજાને પ્રભાવિત કરવાના ઉધામા જ ગલત છે.અનિચ્છનીય છે અને માણસે ખ્યાતિ મેળવવા કદી એવા ડ્રામા કરવા તરફ ન વળવું જોઈએ. બીજા પર છવાઈ જવાન પેરવીમાં રહેતો માણસ છેવટે ઓળખાઈ જાય છે. પકડાઈ જાય છે અને શાણા તથા સમજદાર માણસોનો આદર ગુમાવે છે. સમાજમાં હાસ્યાસ્પદ ઠરે છે.માણસ માનવ મેદની સમક્ષ પોતાનો પ્રભાવ પાથરવાની કોશિશ કેમ કરે છે ?કોઈનો આદર પ્રાપ્ત કરવા માટેનો એ શોર્ટકટ છે. ઘણા બધા માણસોની નજરમાં વસી જવા માટેનો એ કીમીયો છે. લોકોને પ્રભાવિત કરવા માટે ડંફાસો મારવી પડે છે.જુઠુ બોલવું પડે છે.(ખુદ મુખ્યમંત્રીને ફોન કરીને મને સંસદની ચુંટણી માટે ટિકીટ આપવાની વાત કરી હતી પરતું આપણે સમાજસેવા છોડીને કીચડમાં શું કામ ચોખ્ખી ના પાડી દીધી બોસ.બધાની ખુશામદ કરવી પડે અને બધાની સામે કથક નૃત્ય પણ કરવુંપડે.વર્તનશાસ્ત્ર પ્રભાવ પાથરતા લોકોને અને પ્રભાવ હેઠળ આવી જતી જનતાને એક જ સલાહ આપે છે.: પ્રભાવ સાથે સબંધિત બંન્ને વર્તનોથી દુર રહે.જેમને સ્વંય પોતાને માટે આદર નથી તેઓજ બીજાનો આદર પામવા પ્રભાવ પાથરવાની કોશીશ કરે છે.પાંચ સાત શ્રોતાઓને ભેગા કરી ચટાકેદાર શૈલીમાં પોતાના પરાક્રમોની ડંફાસ મારતા સ્માર્ટ માણસોથી જરુર બચવું અને નવગજ દુર રહેવું . જ્યાં ને ત્યાં ટોળું જોઈને ધસી જઈએ તો કોઈને કોઈ વિદુષક આપણા પર પ્રભાવ પાથરી જાય તેવો પુરેપુરો સંભવ છે.જેઓ પ્રસંગની ગરિમા જાળવ્યા વગર કોઈ પણ ઠેકાણે પ્રભાવ પાથરવા અને આદર ઉઘરાવવા ઉભા થઈ જાય,એમને વળી આદર શાને આપવાનો ? વગર વિચાર્યે, કોઈના પણ પ્રભાવ હેઠળ આવવાથી બચીએ.

લેખક : વિશ્વામિત્ર
(સૌ.સંદેશ)

# નુર વધારા,નવી કોઇપણ ટ્રેન નહી,રેલ્વે બજેટ નિરાશાજનક

કેન્દ્રીય રેલ મંત્રી સુરેશ પ્રભુએ સંસદમાં રેલ બજેટ રજુ કર્યું હતું.દેશની જનતાને અચ્છે દિન જેવી લોલીપોપ પકડાવાઈ હતી તેનું આમાંથી કંઈ દેખાયું નહી.ઉપરથી નુરભાડમાં ૧૦ ટકા સુધીનો વધારો કરીને સરકારે મોધવારી વધારી દીધી છે.ઈતિહાસમાં પહેલી વાર રેલ બજેટમાં કોઈપણ નવી ટ્રેનની જાહેરાત કરવામાં આવી નથી.રેલ મંત્રીએ ૨૦૧૫-૧૬નુ રેલ બજેટ રજુ કર્યું ત્યારે એવી અપેક્ષા હતી કે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રુડતેલના ભાવો ઘટ્યા છે તેથી લોકોને કંઈક રાહત આપતી જોગવાઈઓ મંત્રીશ્રી દેખાડશે.

પરંતુ નુરભાડમાં ૧૦ ટકા વધારાને કારણે ઓછામાં ઓછી ૧ ૨ વસ્તુઓની બજારકિંમતમાં વધારો થઈ જશે અને આ બોજો સામાન્ય નાગરિકોના ખિસ્સા ઉપર પડશે.સિમેન્ટ,કોલસો,સ્ટીલ, અને યુરીયા ખાતરની ચીજો પર નુરભાડુ વધાર્યું છે જેનો બોજો તો પ્રજા ઉપર જ પડવાનો છે.બાંધકામો મોઘા બનશે,વીજળી મોધી બનશે અને કૃષિ ઉત્પાદનો પર પણ અસર થશે.જો કે મંત્રીએ પાછળથી નવી ટ્રેનોની જાહેરાત કરવાની વાત કહીને હજુ બીજી લોલીપોપ પ્રજાને પકડાવી છે.તેમણે રેલ બજેટથી દેશના વિકાસમાં અગત્યનો ફાળો થશે તેવી વાતો પર મહત્વ આપ્યું છે. તેમણે પંચવર્ષીય એકશન પ્લાન રજુ કર્યો હતો.પરંતુ એકદંરે આ રેલ બજેટ નિરાશાજનક છે. ગુજરાતે રેલ બજેટમાં જે અપેક્ષાઓ રાખી હતી તે ઉપર પાણી ફરી વળ્યું છે.

સામાન્ય પ્રવાસીઓને વધુ સુવિધાઓ મળે તેવી કોઈ જોગવાઈ આ બજેટમાં દેખાતી નથી.એકમાત્ર પ્રવાસી ભાડામાં કોઈ વધારો કર્યો નથી તે પુરતું છે. પરંતુ તે બજેટ પહેલાં જ વધારી દેવાયા હતા.બજેટમાં પૈસા ક્યાંથી આવશે અને ક્યાં જશે તેવી કોઈ માહીતી ઉપલબ્ધ બની નથી.માત્ર ગણતરીઓ આધારિત બજેટ છે.કેટલું સફળ બને છે તે મંત્રીના શિરે છે.પહેલી વાર એવું બન્યું કે કોઈપણ નવી ટ્રેનની જાહેરાત કરવામાં આવી નથી.




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.